**પ્રશ્ન: ૬ અમદાવાદ શહેરના બેરામપુરા, લાંભા અને વટવામાં પાણી પુરુ પાડવા .....2**

**પેટા પ્રશ્નો......................................................................11**

**પેટા પ્રશ્ન ૧ (શ્રી બાબુભાઈ પટેલ, દસક્રોઈ) ...........................................12**

**પેટા પ્રશ્ન ૨ (શ્રી અમુલભાઈ ભટ્ટ, મણીનગર).......................................15**

**પેટા પ્રશ્ન ૩ (શ્રી બાબુસિંહ જાદવ, વટવા) ...........................................18**

**પ્રશ્ન: ૭ સ્માર્ટ સીટી મિશન અંતર્ગત પસંદગી પામેલ રાજ્યના શહેરો...............20**

**પેટા પ્રશ્નો......................................................................29**

**પેટા પ્રશ્ન ૧ (શ્રી અમિતભાઈ ઠાકર, વેજલપુર).......................................30**

**પેટા પ્રશ્ન ૨ (શ્રીમતી સંગીતાબેન પાટીલ, લિંબાયત) .............................31**

**પેટા પ્રશ્ન ૩ (ડૉ.દર્શિતા શાહ, રાજકોટ પશ્ચિમ) .....................................32**

**પ્રશ્ન: ૧૩ અમદાવાદ, સુરત શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મંજુર આવાસો 33**

**પેટા પ્રશ્નો......................................................................43**

**પેટા પ્રશ્ન ૧ (શ્રી અમિતભાઈ ઠાકર, વેજલપુર).......................................44**

**પેટા પ્રશ્ન ૨ (શ્રી અમુલભાઈ ભટ્ટ, મણીનગર).......................................46**

**પ્રશ્ન:૧૪ કચ્છની નખત્રાણા નગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ47**

**પેટા પ્રશ્નો......................................................................53**

**પેટા પ્રશ્ન ૧ (શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા, અબડાસા)...................54**

**પેટા પ્રશ્ન ૨ (શ્રી અનિરૂધ્ધ ભાઈલાલ દવે, માંડવી)...............................57**


મુખ્ય પેજ

# અગ્રતા ક્રમ : ૬

# પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૧૮૪

# તા.૨૦/૦૨/૨૦૨૪

# શહેરી વિકાસ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી :**

**શ્રી શૈલેષ મનુભાઈ પરમાર, દાણીલીમડા**

**પ્રશ્ન : અમદાવાદ શહેરના બેરામપુરા, લાંભા અને વટવામાં પાણી પુરુ પાડવા બાબત.**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**અમદાવાદ શહેરના બહેરામપુરા, લાંભા અને વટવા વોર્ડમાં પાણી પુરુ પાડવા બાબત**

***તારાંકિત ૧૫/૪/૨૧૮૪: શ્રી શૈલેષ મનુભાઇ પરમાર(દાણીલીમડા): ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૨૫/૦૭/૨૦૧૯(બીજી બેઠક) ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૯૫૫૮(અગ્રતા-૨૬૯) ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે: -**

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેરના બહેરામપુરા, લાંભા અને વટવા વોર્ડમાં ઘરે ઘરે પાણી પૂરૂં પાડવા માટે વોટર ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કની કામગીરી ચાલુ હતી તે કાર્યવાહી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | બહેરામપુરા વોર્ડ:-<br>• બહેરામપુરા વોર્ડમાં પાણીની ટાંકીને સંલગ્ન નેટવર્કની કામગીરી પુર્ણ થયેલ છે.<br>લાંભા વોર્ડ:-<br>• લાંભા વોર્ડમાં આકૃતિ ફ્લેટ પાસે, શ્રીનાથ ફ્લેટ પાસે, સૈજપુર ગામ ખાતે તથા ઈન્દીરાનગર-૧ તથા ઈન્દીરાનગર-૨ પાસે નવા બનાવવામાં આવેલ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન સંલગ્ન નેટવર્કની કામગીરી પુર્ણ થયેલ છે.<br>• શાહઆલમનગર, છનાનગર તથા શિવમ પાર્ક પાસે નવા બોરવેલ બનાવી સંલગ્ન નેટવર્કની કામગીરી પુર્ણ થયેલ છે.<br>• ઉમંગ ફ્લેટ પાસેના નવા બનતા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન સંલગ્ન નેટવર્કની કામગીરી ૯૦ % જેટલી પુર્ણ કરવામાં આવેલ છે.<br>વટવા વોર્ડ:-<br>• વટવા વોર્ડમાં પાણીની ટાંકીના સંલગ્ન નેટવર્કની કામગીરી પુર્ણ થયેલ છે. |
| ૨ | ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | • બનતી ત્વરાએ. |

મુખ્ય પેજ

# <u>પુરક નોંધ</u>

## ❖ <u>વોટર પ્રોજેક્ટ</u>

### <u>અમદાવાદ મહાનગર પાલીકાની પાણી વિતરણ વ્યવસ્થાની વિગત</u>

- હાલમાં અમદાવાદ શહેરમાં આશરે કુલ **<u>૪૫૫૦ કીલો મીટર</u>** જેટલી લંબાઈમાં ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક આવેલ છે. તથા ૫૫૦ કીલો મીટર લંબાઈમાં મુખ્ય ટ્રંક મેઈન્સ આવેલ છે. જેનાથી શહેરની ૯૫% જેટલા વિસ્તારને પાણીના નેટવર્કથી આવરી લેવામાં આવેલ છે.
- શહેરમાં હાલમાં **<u>૨૧૩૦ એમ.એલ.ડી. ક્ષમતા</u>**નો રો–વોટરનો સોર્સ ઉપલબ્ધ છે. જેની સામે **<u>૧૭૦૦ એમ.એલ.ડી. જેટલો વપરાશ</u>** છે.
- શહેરમાં શુધ્ધ પીવાનું પાણી પુરુ પાડવા માટે કોતરપુર ખાતે ૧૧૫૦ એમ.એલ.ડી. , જાસપુર ખાતે ૪૦૦ એમ.એલ.ડી. અને રાસ્કા ખાતે ૨૦૦ એમ.એલ.ડી. મળી કુલ ૧૭૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના જળ શુધ્ધીકરણ મથક (વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ) આવેલ છે. જેની સામે હાલની જરૂરીયાત મુજબ ૧૬૫૦ એમ.એલ.ડી. પાણી રોજ શુધ્ધ કરી વિતરણ કરવામાં આવે છે.
- શહેરમાં હાલમાં કુલ ૨૨૭ વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર તથા ૯૨ ઓવરહેડ ટાંકીઓની કુલ સ્ટોરેજ ક્ષમતા ૧૯૧૪ મીલીયન લિટર છે. જેમાંથી દૈનિક આશરે ૧૬૫૦ મીલીયન લિટર પાણી પુરવઠો શહેરીજનોને પુરો પાડવામાં આવે છે.
- આમ શહેરીજનોને સરેરાશ **<u>૧૫૦ લિટરથી વધુ પ્રતિવ્યક્તિ પ્રતિ દિન</u>** શુધ્ધ પાણી પુરુ પાડવામાં આવે છે.

<u>મુખ્ય પેજ</u>

# શહેરના હાલનાં વોટર સોર્સની વિગત

| ક્રમ | પાણીનો સોર્સ | સોર્સની ક્ષમતા | હાલનો વપરાશ |
|---|---|---|---|
| ૧. | નર્મદા મુખ્ય નહેર કોતરપુર જળ શુધ્ધીકરણ મથક (કોતરપુર જળ શુધ્ધીકરણ મથક) **વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ** | (મીનીમલ લીક્વીડ ડિસ્ચાર્જ–MLD) | |
| | એચ.આર.–૧ (હેડ રેગ્યુલેટર) | ૩૩૦ MLD | ૩૩૦ MLD |
| | એચ.આર.–૨ (હેડ રેગ્યુલેટર) | ૯૦૦ MLD | ૭૦૦ MLD |
| ૨. | ધોળકા શાખા નહેર (જાસપુર જળ શુધ્ધીકરણ મથક ) | ૬૦૦ MLD | ૪૦૦ MLD |
| ૩. | શેઢી શાખા નહેર (રાસ્કા જળ શુધ્ધીકરણ મથક) | ૩૦૦ MLD | ૨૦૦ MLD |
| **કુલ** | | **૨૧૩૦** MLD | **૧૭૦૦** MLD |

મુખ્ય પેજ

# અમદાવાદ શહેરમાં હાલમાં કાર્યરત જળ શુધ્ધીકરણ મથક (વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ)ની અને કામગીરી ચાલુ હોય અને આયોજન હેઠળ હોય તેની વિગત

| **ક્રમ** | **જળ શુધ્ધીકરણ મથકનું નામ** | **જળ શુધ્ધીકરણ મથકની ક્ષમતા (હયાત)** | ચાલુ / આયોજન હેઠળના **જળ શુધ્ધીકરણ મથકની ક્ષમતા** | કુલ થનાર ક્ષમતા |
|---|---|---|---|---|
| ૧. | કોતરપુર જળ શુધ્ધીકરણ મથક | ૧૧૫૦ MLD | ૪૦૦ MLD ક્ષમતાનો નવો **જળ શુધ્ધીકરણ મથક બનાવવાના કામના ટેન્ડર મંગાવેલ છે.** | ૧૫૫૦ MLD |
| ૨. | જાસપુર જળ શુધ્ધીકરણ મથક | ૪૦૦ MLD | ૨૦૦ MLD ક્ષમતાનો નવો **જળ શુધ્ધીકરણ મથક બનાવવાનું કામ ચાલું છે.** | ૬૦૦ MLD |
| ૩. | રાસ્કા જળ શુધ્ધીકરણ મથક | ૨૦૦ MLD | | ૨૦૦ MLD |
| **કુલ** | | **૧૭૫૦ MLD** | | **૨૩૫૦ MLD** |

મુખ્ય પેજ

# ત્રણ વોર્ડની (વટવા, લાંભા તથા  બહેરામપુરા) પરિસ્થિતી...

<table>
<tr><th>વોર્ડનું નામ</th><th>હયાત વોટર ડ્રીસ્ટ્રીબ્યુશન સ્ટેશનની સંખ્યા</th><th>હયાત નેટવર્કની લંબાઈ (કી.મી)</th><th>હાલના લાભાર્થીની સંખ્યા (વ્યકિત)</th><th>ચાલુ કામગીરી</th><th>કામગીરી નું સ્ટેટસ</th><th>વોટર ડ્રીસ્ટ્રીબ્યુશન સ્ટેશન માં પાણી ક્યાંથી આવે છે</th></tr>
<tr><td>બહેરામપુરા</td><td>૫</td><td>૨૯</td><td>૨,૧૨,૦૦૦</td><td>તમામ કામગીરી પૂર્ણ થયેલ છે.</td><td>–</td><td>કોતરપુર /રાસ્કા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ મારફતે</td></tr>
<tr><td>વટવા</td><td>૮</td><td>૪૫</td><td>૧,૨૫,૦૦૦</td><td>તમામ કામગીરી પૂર્ણ થયેલ છે.</td><td>–</td><td>કોતરપુર /રાસ્કા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ મારફતે</td></tr>
<tr><td rowspan="2">લાંભા</td><td rowspan="2">૭</td><td rowspan="2">૪૨</td><td rowspan="2">૬૫,૦૦૦</td><td rowspan="2">હાલમાં નવી બનતી ઊમંગ ફ્લેટ પાસે ટાંકીનું અંદાજીત ૧૨ કી.મી નું નેટવર્ક નાંખવાની કામગીરી ૩.૧૯.૪૧ કરોડના ખર્ચે હાલમાં કામ ચાલુ છે.</td><td>૯૦% કામગીરી પૂર્ણ</td><td>કોતરપુર /રાસ્કા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ મારફતે</td></tr>
<tr><td colspan="2">પુર્ણ થયેથી બીજી ૩૫,૦૦૦ લોકોને લાભ મળશે.</td></tr>
</table>

મુખ્ય પેજ

# ત્રણ વોર્ડમાં વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન દીઠ કેપેસીટી તથા દૈનિક સપ્લાય

| વોર્ડ | વો.ડી.સ્ટેશનનુ નામ | ભુગંર્ભ ટાંકીની ક્ષમતા (ML) | ઓવરહેડ ટાંકીની ક્ષમતા (ML) | કુલ ક્ષમતા (ML) | દૈનિક સપ્લાય તા.૧૮/૦૨/૨૦૨૪ |
|---|---|---|---|---|---|
| બહેરામપુરા | ન્યુ સબર્બન | 10.90 | 1.36 | 12.26 | ૭.૨૮ |
| | રામ રહીમ | 9.54 | | 9.54 | ૫.૧૮ |
| | સપ્તર્ર્ષિ | 4.31 | 0.50 | 4.81 | ૩.૫૧ |
| | બી.આ.ટી.એસ વર્કશોપ | 7.30 | 1.50 | 8.80 | ૪.૬૮ |
| | દાણીલીમડા જલઘર | 7.27 | | 7.27 | ૭.૮૫ |
| **કુલ** | | | | | **૨૮.૫** |
| લાંભા | નારોલ | 1.36 | | 1.36 | ૨.૦૩ |
| | શાહવાડી | 1.36 | | 1.36 | ૨.૧૫ |
| | શાહવાડી (ટી.સી.આઈ.ડી.એસ. | 3.63 | 1.02 | 4.65 | ૧૨.૪૪ |
| | ગુજકોમાસોલ | 6.82 | | 6.82 | ૭.૩૮ |
| | લાંભા ઈન્દીરાનગર વિ-૧ | 5.45 | | 5.45 | ૨.૪૧ |
| | લાંભા ઈન્દીરાનગર વિ-૨ | 7.73 | | 7.73 | ૨.૫૬ |
| | લાંભા સૈજપુર | 1.60 | 1.50 | 3.10 | ૫.૫૩ |
| | ગ્યાસપુર | 0.00 | 1.00 | 1.00 | ૧.૫ |
| **કુલ** | | | | | **૩૬.૦૦** |
| વટવા | વટવા વિલેજ | 2.72 | | 2.72 | ૫.૩૧ |
| | વટવા અંબિકા (રેલ્વે) | 4.54 | | 4.54 | ૪.૮૭ |
| | વટવા નિગમ | 11.36 | 2.50 | 13.86 | ૧૫.૩૨ |
| | વટવા ઈડબલ્યુએસ | 6.21 | | 6.21 | ૫.૮૯ |
| | વટવા માટીખાના | 6.60 | | 6.60 | ૫.૬૫ |
| | લાંભા સોહંગહીલ-૫૭ | 7.27 | | 7.27 | ૬.૪૫ |
| | લાંભા શ્રીનાથ-૫૮ | 7.50 | | 7.50 | ૬.૦૯ |
| **કુલ** | | | | | **૪૯.૫૮** |
| **કુલ** | **હયાત ક્ષમતા =** | **113.47** | **9.38** | **122.85** | **૧૧૪.૦૮** |

મુખ્ય પેજ

**નોંધ :- લાંભા વોર્ડમાં ઉમંગ ફ્લેટ પાસે પ્રગતિ હેઠળના વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનની ભુગર્ભ ટાંકીની ક્ષમતાં ૧૦ મીલીયન લીટરની છે.જે વોર્ડમાં હયાત ૮ ઉપરાંત ૯ મું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન છે.**

## કોર્પોરેશનમાં આવેલા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનની વિગતો...

| ઝોન / વોર્ડ | વો.ડ્રી.સ્ટેશન ની સંખ્યા | ભુર્ગભ ટાંકીની ક્ષમતા (ML) | ઓવરહેડ ટાંકીની સંખ્યા | ઓવરહેડ ટાંકીની ક્ષમતા (ML) | કુલ ક્ષમતા (ML) |
|---|---|---|---|---|---|
| મધ્યઝોન | ૧૮ | ૨૧૦.૯૯ | ૧૦ | ૨૫.૫૫ | ૨૩૬.૫૪ |
| પશ્ચિમઝોન | ૪૨ | ૩૫૫.૮૧ | ૨૫ | ૩૪.૬૪ | ૩૯૦.૪૫ |
| ઊત્તરઝોન | ૩૧ | ૨૨૯.૨૫ | ૧૩ | ૧૯.૭૯ | ૨૪૯.૦૩ |
| પુર્વઝોન | ૩૮ | ૩૧૮.૨૨ | ૧૫ | ૨૮.૭૪ | ૩૪૬.૯૬ |
| દક્ષિણઝોન | ૪૧ | ૨૬૯.૫૨ | ૧૫ | ૨૩.૪૬ | ૨૯૨.૯૮ |
| ઉ. પશ્ચિમઝોન | ૩૨ | ૨૫૨.૪૦ | ૮ | ૧૭.૩૨ | ૨૬૯.૭૨ |
| દ. પશ્ચિમઝોન | ૨૫ | ૧૧૭.૭૦ | ૬ | ૧૦.૬૦ | ૧૨૮.૩૦ |
| | **૨૨૭** | **૧૭૫૩.૮૯** | **૯૨** | **૧૬૦.૦૯** | **૧૯૧૩.૯૮** |

મુખ્ય પેજ

## શહેરમાં જુદી જુદી જગ્યાએ પાણી વિતરણ માટે નવા જળ વિતરણ મથકોના ચાલું કામોની વિગત

| ક્રમ | બજેટની વિગત | જળ વિતરણ મથકની સંખ્યા | અંદાજિત રકમ રૂ. કરોડમાં |
|---|---|---|---|
| ૧. | કેપીટલ બજેટ | ૫ | ૧૦૭.૫૯ |
| ૨. | સ્વર્ણિમ બજેટ | ૯ | ૨૧૮.૨૯ |
| ૩. | અમૃત બજેટ | ૫ | ૨૨૩.૩૪ |
| | કુલ | ૧૯ | ૫૪૯.૨૨ |

## શહેરમાં જુદી જુદી જગ્યાએ આવેલ હયાત જળ વિતરણ મથકોના ઓગમેન્ટેશનના ચાલું કામોની વિગત

| ક્રમ | બજેટની વિગત | જળ વિતરણ મથકની સંખ્યા | અંદાજિત રકમ રૂ. કરોડમાં |
|---|---|---|---|
| ૧. | કેપીટલ બજેટ | ૬ | ૫૫.૬૨ |
| ૨. | સ્વર્ણિમ બજેટ | ૭ | ૪૬.૭૯ |
| ૩. | અમૃત બજેટ | ૨ | ૪૮.૬૩ |
| | કુલ | ૧૫ | ૧૫૧.૦૪ |

શહેરના દક્ષિણ ઝોનના વટવા, લાંભા વોર્ડમાં સરદાર પટેલ રીંગરોડ સમાંતર થનાર વિકાસનો ધ્યાને લઇ એક્ષપ્રેશ હાઈવેથી લાલગેબી સર્કલ થઈ અસલાલી થઈ ક્મોડ સુધી રૂ. ૨૦૫ કરોડના ખર્ચે ૨૦ કીલો મીટર લંબાઈમાં મુખ્ય લાઈન નાંખવાની કામગીરી ચાલું છે. જેનાથી દક્ષિણ ઝોનના વટવા , લાંભા વોર્ડમાં આવેલ હયાત અને નવા બનનાર જળ વિતરણ મથકોમાં પાણી વિતરણ કરી શકાશે.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

## અગ્રતા ક્રમ : ૬

### પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૧૮૪

### તા.૨૦/૦૨/૨૦૨૪

### શહેરી વિકાસ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી શૈલેષ મનુભાઈ પરમાર, દાણીલીમડા**

**પ્રશ્ન : અમદાવાદ શહેરના બેરામપુરા, લાંભા અને વટવામાં પાણી પુરુ પાડવા બાબત.**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | લાંભા વોર્ડમાં કેટલા ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન આવેલા છે અને ઉમંગ ફ્લેટ પાસે નવી બનતી પાણીની ટાંકી તથા નેટવર્ક નાંખ્યા બાદ આસપાસનાં કયા કયા વિસ્તારને લાભ થશે? | શ્રી બાબુભાઈ પટેલ, દસક્રોઈ |
| ૨ | બહેરામપુરા વોર્ડમાં કેટલા ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન આવેલા છે અને જમાલપુર બ્રિજ પાસે સપ્તઋષિ સ્મશાન પાસે આવેલ સપ્તઋષિ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનના નેટવર્ક તથા ચંડોળા બી.આર.ટી.એસ. વર્કશોપની બાજુમાં બનાવેલ ચંડોળા બી.આર.ટી.એસ. વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનના નેટવર્ક નાંખ્યા બાદ આસપાસનાં કયા કયા વિસ્તારને લાભ થશે? | શ્રી અમુલભાઈ ભટ્ટ, મણીનગર |
| ૩ | વટવા વોર્ડમાં કેટલા ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન આવેલા છે અને સ્મૃતિ મંદીર પાસે નવી બનતી પાણીની ટાંકી તથા નેટવર્ક નાંખ્યા બાદ આસપાસના કયા કયા વિસ્તારને લાભ થશે ? | શ્રી બાબુસિંહ જાદવ, વટવા |

મુખ્ય પેજ

# અગ્રતાક્રમ :- ૬
# તારાંકીત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૨૧૮૪
# શહેરી વિકાસ વિભાગ
# તા.૨૦/૦૨/૨૦૨૪

પેટા પ્રશ્ન ૧ (શ્રી બાબુભાઇ પટેલ, દસક્રોઇ)

- લાંભા વોર્ડમાં કેટલા ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન આવેલા છે અને ઉમંગ ફ્લેટ પાસે નવી બનતી પાણીની ટાંકી તથા નેટવર્ક નાંખ્યા બાદ આસપાસનાં કયા ક્યા વિસ્તારને લાભ થશે?

**જવાબ:**

- લાંભા વોર્ડ ૪૬.૫૦ ચો.કી.મી. એરીયા ધરાવતો સૌથી મોટો વોર્ડ છે. વોર્ડમાં જુદા જુદા ૧૨ ગામોનો સમાવેશ થાય છે.સદર વિસ્તારમાં સ્થાનીક રહિશોને ચોખ્ખુ પીવાનું પાણી મળી રહે તે માટે વોર્ડમાં સમયાંતરે જુદી જુદી કેપેસીટીની જુદા જુદા વિસ્તાર માટે **કુલ ૮ જગ્યાએ વોટર ડ્રીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવી પાણીનો સપ્લાય આપવામાં આવે છે.**

- આ ઉપરાંત, લાંભા વોર્ડમાં આવેલ ટી.પી. સ્કીમ નારોલ (નારોલ સાઉથ-૨) એફ.પી-(૮૬+૯૪/૧) ક્ષેત્રફળ ૭૦૯૭ ખાતે ઉમંગ ફ્લેટ પાસે નારોલ પાસે ૧૦ મીલીયન લીટર ક્ષમતાનું નવુ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા તથા

મુખ્ય પેજ

તેને આનુષાંગિક કામગીરી કરવાના સિવિલ કામ, નેટવર્કની કામગીરી તથા ઈલેક્ટ્રીકલ મીકેનીકલ કામ (પાવર પ્રોક્યોરમેન્ટ તથા પાંચ વર્ષના ઓપરેશન એન્ડ મેન્ટેનન્સ) ના કામ બાબતે નવી બનતી પાણીની ટાંકી તથા નેટવર્ક નાંખવાના રૂ.૧૯.૪૧ કરોડના અંદાજ પૈકી સીવીલ વર્ક રૂ.૫.૬૦ કરોડ ટાંકીના, ડીસ્ટીબ્યુશન નેટવર્કના રૂ.૭.૫૦ કરોડ (તે પૈકી રૂ.૬૩.૫૫ લાખ નેટવર્ક નાંખવાની કામગીરી) તથા ઈલેક્ટ્રીકલ મીકેનીકલ વર્કના રૂ.૩.૦૩ કરોડ તેમજ ઓ.એન્ડ એમ. ની કામગીરી માટે રૂ.૩૨.૦૦ લાખનો સમાવેશ કરવામાં આવેલ છે. સદર કામગીરીનો ખર્ચ સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના અંતર્ગત ફાળવેલ બજેટ અંતર્ગત કરવામાં આવેલ. હાલમાં દક્ષિણઝોન લાંભા વોર્ડમાં ઉમંગ ફ્લેટ પાસે નવી બનતી પાણીની ટાંકી રાસ્કા વિયરના પાણીથી ભરવામાં આવશે. તથા તેને સંલગ્ન નેટવર્ક નાંખવાની કામગીરી હાલમાં ૯૦% જેટલી પુર્ણ થયેલ છે. જેની કામગીરી સત્વરે પુર્ણ કરવામાં આવશે.

**લાભાર્થી વિસ્તાર :-**

- લાંભા વોર્ડમાં સમાવિષ્ટ રંગોલીનગર, ન્યુ. રંગોલીંનગર, ઊમંગ ફ્લેટ, નારોલ કોર્ટની પાછળનો વિસ્તાર, શ્રીરામનગર, વિજયનગર, શાંતિનગર, રાજનગર, ગાયત્રીનગર, દિવ્યનગર, અયોધ્યાનગર, તુલસીનગર, શિવમ પાર્ક,

ગણેશનગર, રૂદ્ર ફ્લેટ, સરણીયાવાસ, ભારતનગર આસપાસના વિસ્તારના અંદાજીત ૨૦૦૦૦ થી ૨૫૦૦૦ જેટલા લાભાર્થીઓને પુરતા પ્રેશરથી પાણી આપવામાં આવશે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૨ (શ્રી અમુલભાઇ ભટ્ટ, મણીનગર)

- બહેરામપુરા વોર્ડમાં કેટલા ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન આવેલા છે અને જમાલપુર બ્રિજ પાસે સપ્તઋષિ સ્મશાન પાસે આવેલ સપ્તઋષિ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનના નેટવર્ક તથા ચંડોળા બી.આર.ટી.એસ. વર્કશોપની બાજુમાં બનાવેલ ચંડોળા બી.આર.ટી.એસ. વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનના નેટવર્ક નાંખ્યા બાદ આસપાસનાં કયા કયા વિસ્તારને લાભ થશે?

**જવાબ:**

- બહેરામપુરા વોર્ડમાં સ્થાનીક રહિશોને ચોખ્ખુ પીવાનું પાણી મળી રહે તે માટે વોર્ડમાં સમયાંતરે જુદી જુદી કેપેસીટીની જુદા જુદા વિસ્તાર માટે **કુલ ૫ જગ્યાએ વોટર ડ્રીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવી પાણીનો સપ્લાય આપવામાં આવે છે.**

- બહેરામપુરા વોર્ડ માં **જમાલપુર બ્રિજ** પાસે સપ્તઋષિ સ્મશાન પાસે આવેલ સપ્તઋષિ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનના નેટવર્ક નાંખવાના કામ બાબતે સંલગ્ન નેટવર્ક નાંખવાની કામગીરી માટે મંજુર થયેલ ટેન્ડરની રકમ રૂ. ૧૮,૯૮,૫૫૦.૫૦/- છે. હાલમાં દક્ષિણ ઝોન બહેરામપુરા વોર્ડ માં જમાલપુર બ્રિજ પાસે સપ્તઋષિ સ્મશાન પાસે આવેલ સપ્તઋષિ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન રાસ્કા વીયરના પાણીથી ભરાવવામાં આવે છે. તથા તેને સંલગ્ન નેટવર્ક ની કામગીરી તા:૨૮/૦૨/૨૦૨૧ ના રોજ પુર્ણ થયેલ છે.

મુખ્ય પેજ

**<u>લાભાર્થી વિસ્તાર:</u>**

- દક્ષિણ ઝોન બહેરામપુરા વોર્ડમાં સમાવિષ્ટ સપ્તઋષિ સ્મશાનની આસપાસનો વિસ્તાર, જમાલપુર ચાર રસ્તા, શીફા હોસ્પિટલ થી પીર ઘોબી ની ચાલી મેઈન રોડ, બહેરામપુરા પોલીસ ચોકી થી ગૌતમનગર ચાર રસ્તા સુધી આસપાસ નો વિસ્તાર, બહેરામપુરા પોલીસ ચોકી થી બુખારી બાવા કબ્રસ્તાન થઈ હુલ્લડીયા હનુમાન મંદિરે સુધી ની આસપાસ નો વિસ્તાર તેમજ બહેરામપુરા પોલીસ ચોકી થી મેલડી માતા મંદિર સુધી ના રોડ ની આસપાસના વિસ્તાર ના અંદાજીત ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ જેટલા લાભાર્થીઓને પુરતા પ્રેશર થી પાણી હાલમાં મળી રહેલ છે.

- બહેરામપુરા વોર્ડમાં **<u>ચંડોળા બી.આર.ટી.એસ.</u>** વર્કશોપની બાજુમાં બનાવેલ ચંડોળા બી.આર.ટી.એસ. વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનના નેટવર્ક નાંખવાના કામ સંલગ્ન નેટવર્ક નાંખવાની કામગીરી માટે મંજુર થયેલ ટેન્ડર ની રકમ રૂ.૧૯.૩૦ લાખ છે. હાલ દક્ષિણ ઝોન બહેરામપુરા વોર્ડમાં ચંડોળા બી.આર.ટી.એસ. વર્કશોપની બાજુમાં બનાવેલ ચંડોળા બી.આર.ટી.એસ. વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન રાસ્કા વિયરના પાણીથી ભરાવવામાં આવે છે. જેના નેટવર્ક ની કામગીરી તા.૧૫/૦૫/૨૦૨૧ના રોજ પુર્ણ થયેલ છે.

મુખ્ય પેજ

## લાભાર્થી વિસ્તાર:

- દક્ષિણ ઝોન બહેરામપુરા વોર્ડમાં સમાવિષ્ટ કલંદર નગર, ખ્વાજા નગર, હરિયાળી નગર, ફૈઝલનગર પોલીસ ચોકી ની આપસપાસ નો સમગ્ર વિસ્તાર, સુલતાન હોટલ આસપાસ નો સમગ્ર વિસ્તાર, ગરીબનગર, ફૈઝલનગર ની જુદી–જુદી ગલીઓ, ગુલમહોર રો હાઉસ ની આસપાસ નો વિસ્તાર, આલહઝરત, અલહમ્દો રો હાઉસ, મદની નગર, અલ ફત્તેહ નગર, મહેતાબ નગર, અસ્મા પાર્ક, મીરા નગર વિભાગ–૧ અને ૨, રાજસ્થાન રોયલ સોસાયટી, કુરેશનનગર તથા કોઝી હોટલ ની પાછળ નો સમગ્ર રહેણાંક વિસ્તારના અંદાજીત ૮૦,૦૦૦ થી ૮૫,૦૦૦ જેટલા લાભાર્થીઓને પુરતા પ્રેશર થી પાણી હાલમાં મળી રહેલ છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૩ (શ્રી બાબુસિંહ જાદવ, વટવા)

- વટવા વોર્ડમાં કેટલા ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન આવેલા છે અને સ્મૃતિ મંદીર પાસે નવી બનતી પાણીની ટાંકી તથા નેટવર્ક નાંખ્યા બાદ આસપાસના ક્યા કયા વિસ્તારને લાભ થશે ?

**જવાબ:**

- વટવા વોર્ડમાં સ્થાનીક રહિશોને ચોખ્ખુ પીવાનું પાણી મળી રહે તે માટે વોર્ડમાં સમયાંતરે જુદી જુદી કેપેસીટીની જુદા જુદા વિસ્તાર માટે **કુલ ૭ જગ્યાએ વોટર ડ્રીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવી પાણીનો સપ્લાય આપવામાં આવે છે.**

- ઈજનેરવોટર પ્રોજેક્ટ અંતર્ગત દક્ષિણઝોનમાં ઈસનપુર વોર્ડમાં સ્મૃતિ મંદિર વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનના કમાન્ડમાં ૬.૯૪ મિલીયન લીટર ક્ષમતાની વધારાની ભુગર્ભ ટાંકી તથા ૨.૪ મિલીયન લીટર ક્ષમતાની ૨૪ મીટર સ્ટેજીંગ હાઈટની ઓવરહેડ ટાંકીના પાણીની લાઈનના નેટવર્ક નાખવાના લેબરકામ સંલગ્ન નેટવર્ક નાંખવાની કામગીરી માટે મંજુર થયેલ ટેન્ડર ની રકમ ૩.૫૭,૯૩,૮૪૭.૩૨ છે. હાલ દક્ષિણઝોન વટવાવોર્ડમાં સ્મૃતિમંદીર પાસે નવી બનતી પાણીની ટાંકી રાસ્ક વિચરથી ભરવામાં આવે છે. તથા તેને સંલગ્ન નેટવર્ક નાંખવાની કામગીરી પુર્ણ થયેલ છે.

મુખ્ય પેજ

## લાભાર્થી વિસ્તાર:

દક્ષિણઝોન વટવા વોર્ડમાં સમાવિષ્ટ પી.ડી.પંડયા રોડ પર આવેલ સ્મૃતિ વિહાર સોસાયટી, સ્મૃતિદર્શ, ધર્મભુમી સોસાયટી, ક્રિષ્નાપાર્ક, ભક્તિનગર સોસાયટી, સોમનાથ સોસાયટી, ધર્મભુમી સોસાયટી, કૈલાસપાર્ક, પાંચ સોસાયટી, આરાધાપાર્ક, મુરલીધર સોસાયટી-૦૩, ગોકુલ સોસાયટી, કુતુબનગર, મદનીનગર, અલઅમીન સોસાયટી, મખદુમનગર-૦૧ તથા ૦૨ હુસેનાબાદ, ચંદ્રલોક સોસાયટી, પુષ્પક સોસાયટી, આલોક સોસાયટી આસપાસના વિસ્તારના અંદાજીત ૪૦૦૦૦ થી ૪૫૦૦૦ જેટલા લાભાર્થીઓને પુરતા પ્રેશરથી પાણી આપવામાં આવે છે.

# અગ્રતા ક્રમ : ૭

# પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૧૯૮

# તા.૨૦/૦૨/૨૦૨૪

# શહેરી વિકાસ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી :**
**શ્રી અમિત ચાવડા, આંકલાવ**

**પ્રશ્ન : સ્માર્ટ સીટી મિશન અંતર્ગત પસંદગી પામેલ રાજ્યના શહેરો.**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**સ્માર્ટ સીટી મિશન અંતર્ગત પસંદગી પામેલ રાજ્યના શહેરો**

**15/4/2198 શ્રી અમિત ચાવડા(આંકલાવ): માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)**

**જણાવવા કૃપા કરશે કે:**

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર સમક્ષ ગુજરાતના કયા શહેરોની સ્માર્ટ સીટી મીશન અંતર્ગત પસંદગી થયેલ છે, | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર સમક્ષ ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદ શહેરોની સ્માર્ટ સીટી મિશન અંતર્ગત પસંદગી થયેલ છે. |
| (૨) | ઉકત સ્થિતિએ તે પૈકી કયાં શહેરોમાં સ્માર્ટસીટી મીશનના ધોરણો મુજબના કયા કામોની કામગીરી પૂર્ણ કરવામાં આવી અને કેટલી કામગીરી કરવાની બાકી છે, અને | ઉક્ત સ્થિતિએ કામગીરી પૂર્ણ થયેલ અને કામગીરી પ્રગતિમાં હોય તેવા કામોની સંખ્યા નીચે મુજબ છે. |

| ક્રમ | સ્માર્ટસીટીનુ નામ | પ્રોજેકટની કામગીરી પૂર્ણ | પ્રોજેકટની કામગીરી પ્રગતિમાં |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૧ | ૦૦ |
| ૨ | સુરત | ૪૬ | ૦૨ |
| 3 | વડોદરા | ૨૦ | 03 |
| ૪ | રાજકોટ | ૩૯ | ૧૦ |
| ૫ | ગાંધીનગર | ૪૦ | ૦૨ |
| ૬ | દાહોદ | ૧૬ | ૧૧ |

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| (3) | ઉક્ત સ્થિતિએ શહેર દીઠ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી અને તેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારનો હિસ્સો કેટલો? | ઉક્ત સ્થિતિએ શહેર દીઠ કેન્દ્ર અને રાજય સરકારનો હિસ્સો તથા તે સામે કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે. |

(રૂ.કરોડમાં)

| ક્રમ | સ્માર્ટસીટીનુ નામ | કેન્દ્ર સરકાર | | રાજય સરકાર | |
|---|---|---|---|---|---|
| | | ફાળવણી | ખર્ચ | ફાળવણી | ખર્ચ |
| ૧ | અમદાવાદ | ૪૯૦.૦૦ | ૪૯૦.૦૦ | ૨૪૪.૦૦ | ૨૨૬.૯૪ |
| ૨ | સુરત | ૪૯૦.૦૦ | ૪૯૦.૦૦ | ૨૪૨.૫૦ | ૨૪૨.૫૦ |
| 3 | વડોદરા | ૪૧૬.૫૦ | ૩૮૦.૪૬ | ૨૦૭.૨૫ | ૧૯૦.૨૩ |
| ૪ | રાજકોટ | ૪૧૮.૦૦ | ૪૧૬.૫૦ | ૨૦૭.૨૫ | ૨૦૭.૨૫ |
| ૫ | ગાંધીનગર | ૪૧૬.૫૦ | ૪૧૧.૮૨ | ૪૧૬.૫૦ | ૩૮૯.૬૫ |
| ૬ | દાહોદ | ૩૭૮.૭૫ | ૩૬૨.૩૧ | ૩૭૭.૭૫ | ૩૧૪.૭૫ |

મુખ્ય પેજ

# પુરક નોંધ

❖ **સ્માર્ટ સિટી મિશન**

➢ ભારત સરકાર દ્વારા જુન ૨૦૧૫ માં ‘‘સ્માર્ટ સીટી મિશન’’ની શરૂઆત કરવામાં આવેલ છે. સ્માર્ટ સિટીઝ મિશનની સમય મર્યાદા ને ૩૦ મી જૂન. ૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે.

➢ સ્માર્ટ સિટી મિશનનું ધ્યેય મુખ્યત્વે
(૧) શહેરીજનોને પાયાની સુવિધાઓ તેમજ ગુણવત્તા યુક્ત જીવન પ્રદાન કરવાનો
(૨) સ્માર્ટ સોલ્યુશન આપવાનો તેમજ
(૩) સ્વચ્છ અને ટકાઉ પર્યાવરણ પ્રાપ્ત કરાવવાનો છે.

➢ સ્માર્ટ સીટી મિશન અંતર્ગત, દેશના કુલ ૧૦૦ શહેરો અંતર્ગત રાજ્યના **૬ શહેરો(અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર તથા દાહોદ)** પસંદગી પામ્યા છે. સુરત અને અમદાવાદ (**પ્રથમ રાઉન્ડમાં**); વડોદરા (**બીજા રાઉન્ડમાં**); રાજકોટ, ગાંધીનગર અને દાહોદ (**ત્રીજા**) રાઉન્ડમાં પસંદગી પામ્યા છે.

**મુખ્ય પેજ**

- ભારત સરકાર મારફત નીચે મુજબની જુદી જુદી સેવાઓ માટે સ્માર્ટ સોલ્યુશન સૂચવવામાં આવેલ છે.

1. ઈ–ગવર્નન્સ તથા નાગરિક સુવિધા અંતર્ગત જાહેર માહિતી, ઈ–સેવા, જન ભાગીદારી, વીડીયો કાઈમ મોનીટરીંગ ના કામો
2. ઘન કચરા તથા ગંદા–પાણીનું વ્યવસ્થાપન માટે બાંધકામ–વેસ્ટમાં ઘટાડો તથા રીસાયકલીંગ, કચરામાંથી ઉર્જા, ગંદા–પાણીની ટ્રીટમેન્ટ, કચરામાંથી ખાતરના કાર્યો
3. પાણીનું વ્યવસ્થાપન માટે સ્માર્ટ મીટર અને વ્યવસ્થાપન, લીકેજ અટકાવવું, પાણીની ગુણવત્તાની ચકાસણી ના કામો
4. ઉર્જા– વ્યવસ્થાપન પરત્વે રીન્યુબલ ઉર્જા–સ્ત્રોત તથા ઉર્જા કાર્યક્ષમ તથા ગ્રીન બિલ્ડીંગના કામો
5. સ્માર્ટ શહેરી પરિવહન વ્યવસ્થા માટે સ્માર્ટ પાર્કીંગ, ઇન્ટલેજન્ટ ટ્રાફિક વ્યવસ્થા, મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ લગત કામગીરી
6. અન્ય સ્માર્ટ સુવિધાઓ માં ટેલી–મેડિસીન તથા ટેલી એજ્યુકેશન, ટ્રેડ ફેસિલિટી સેન્ટર કોકલ્ય વર્ધક કેન્દ્ર નો સમાવેશ

મુખ્ય પેજ

- સ્માર્ટ સીટી મિશનના કામો માટે વિસ્તાર આધારિત વિકાસ તથા સમગ્ર શહેરમાં પાન–સીટીના અભિગમો સૂચવવામાં આવેલ છે. જેમાં, વિસ્તાર આધારિત વિકાસ (Area Based Development) અંતર્ગત નગર સુધાર (Retrofitting) જે જેમાં, ૫૦૦ એકર કરતા વધારે વર્તમાન બિલ્ટ અપ વિસ્તારનો વિકાસ કરી શકાય અથવા નગર પુન:વિકાસ (Redevelopment) કે જેમાં ૫૦ એકર થી વધુ વિસ્તારને હાલની માળખાકીય સુવિધા માં સુધારો કરી શકાય અથવા હરિત ક્ષેત્ર (Green field )કે જેમાં, ૨૫૦ એકર થી વધુ નવા વિસ્તારનો વિકાસની કામગીરી સૂચવવાની થાય છે. જયારે, પાન–સીટી અંતર્ગત સમગ્ર શહેર માટે સ્માર્ટ સોલ્યુશન સૂચવવાની થાય છે.

- **પાન–સીટી અભિગમ** એટલે સમગ્ર શહેરના તમામ વિસ્તારોના વિકાસને આવરી લેતા પ્રોજેક્ટ્સ જેનો અર્થ એવો થાય કે, કોઇ એક ચોક્કસ વિસ્તાર પુરતુ મર્યાદિત ન હોય પરંતુ સમગ્ર શહેરને લાગુ પડતુ હોય.

- દરેક સ્માર્ટ સીટીને પાંચ વર્ષ માટે રૂ.૫૦૦ કરોડ કેન્દ્ર સરકાર દ્વારા તથા રૂ.૫૦૦ કરોડ રાજય સરકાર દ્વારા, એમ કુલ રૂ.૧૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવે છે. રાજય સરકાર દ્વારા પ્રતિ વર્ષ રૂ.૫૦ કરોડ તથા સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ

દ્વારા પ્રતિ વર્ષ રૂ.૫૦ કરોડ મેચીંગ ગ્રાન્ટ તરીકે આપવાની થાય છે. (જેમાં ગાંધીનગર તથા દાહોદ માટે સ્થાનિક સ્વરાજય સંસ્થા દ્વારા કોઈ ફાળો આપવાનો હોતો નથી). આમ, ભારત સરકાર દ્વારા સ્માર્ટ સીટી અન્વયે દરેક શહેરને ૫૦% રકમની સહાય કરવામાં આવે છે. જ્યારે ૫૦% રકમ રાજ્ય સરકાર અથવા શહેર દ્વારા ફાળવવાની થાય છે.

- સ્માર્ટ સીટી મિશન અંતર્ગત લેવામા આવેલ પ્રોજેક્ટ્સમાં સ્માર્ટ સીટી મિશન ફંડ હેઠળના પ્રોજેક્ટ્સ ઉપરાંત પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ(PPP) ફંડ, કંવર્ઝન્સ વીથ અન્ય મિશન, જે-તે કોર્પોરેશન ફંડ તથા અન્ય ફંડનો પણ સમાવેશ થાય છે.

- મિશન અંતર્ગત દરેક સ્માર્ટ સીટીમા લેવામાં આવેલા તમામ પ્રોજેક્ટસ પ્રપોઝલને સ્માર્ટ સિટી માર્ગદર્શિકામાં જણાવેલ સેક્ટર મુજબ તેમજ સંબંધિત SPV (સ્પેશ્યલ પર્પઝ વીહીકલ) ની બોર્ડ ઓફ ડીરેક્ટર્સ ની સમયાંતરે થતી મીટીંગમાં મંજૂરી દ્વારા લેવામાં આવેલ છે. સદર પ્રોજેક્ટસને શહેરી બાબતોના મંત્રાલય, ભારત સરકારના જી.એમ.આઈ.એસ. પોર્ટલ પર નિયમીત અપડેટ કરવામાં આવે છે. તેમજ કાર્યરત તમામ કામોની પ્રગતિ માટે રાજય સરકારનાં શહેરી વિકાસ વિભાગ દ્વારા ગુજરાતનાં ૬(છ)

સ્માર્ટ સીટી સાથે સમયાંતરે મીટીંગ દ્વારા મોનીટરીંગ કરાઈને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

- **<u>રાજ્યની ૦૬ સ્માર્ટ સિટી દ્વારા કુલ ૧૧૪૪૩ કરોડની રકમના ૩૫૨ કામો હાથ ધરવામાં આવેલ છે જે પૈકી ૯૯૧૦ કરોડની રકમના ૩૨૨ કામો પૂર્ણ કરવામાં આવેલ છે.</u>**

- **<u>ગુજરાતનાં ૬(છ) સ્માર્ટ સીટીઝનાં વિવિધ કામોને કેન્દ્ર સરકાર દ્વારા યોજવામાં આવતા સ્માર્ટ સીટી એવોર્ડ પ્રતિયોગિતામાં અનેકવિધ એવોર્ડ એનાયત કરાયેલ છે.</u>**

- જેમાં મુખ્યત્વે વર્ષ ૨૦૨૨માં ગુજરાત રાજયની સ્માર્ટ સીટીઝને વિવિધ કેટેગરીમાં ૮ એવોર્ડ મળેલ છે. જેમાં
  - સુરત શહેરને "Best Performance" એવોર્ડ તથા
  - અમદાવાદ શહેરને "Leadership Award" માં પ્રથમ સ્થાને એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.
  - વડોદરા શહેરને "Governance" કેટેગરીમાં એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

- વર્ષ ૨૦૨૩માં ગુજરાત રાજયની સ્માર્ટ સીટીઝને વિવિધ કેટેગરીમાં ૧૨ એવોર્ડ મળેલ છે. જેમાં સુરત શહેરને "National Smart City" એવોર્ડ તથા અમદાવાદને

મુખ્ય પેજ

"Zonal Smart City Award West Zone" એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. વડોદરા શહેરના હોસ્પિટલ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ (HMIS) પ્રોજેક્ટને "Social Aspects" કેટેગરીમાં પ્રથમ સ્થાન તથા રાજકોટ શહેરના અટલ સરોવરના નવીનીકરણ પ્રોજેક્ટ માટે "Water" કેટેગરીમાં તૃતીય સ્થાને એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

**સ્માર્ટ સીટી પ્રોજેક્ટના લીધે અગાઉના વિકાસ કાર્યોમાં જે વિશેષ સુવિધાઓનો ઉમેરો થાય છે તેની વિગત...**

- પાણી પુરવઠા તથા ગટર વ્યવસ્થાપન ને વધુ અસરકારક બનાવવા માટે સ્કાડા (S C A D A) ટેકનોલોજી નો સમાવેશ કરતાં કામો હાથ ધરેલ છે. જે અન્વયે પાણી પુરવઠા ના વિત્તરણ ને અસરકારક બનાવવાના હેતુ સાથે લીકેજ ઘટાડવા સ્માર્ટ મીટર જેવા ઘટકોનો સમાવેશ કરેલ છે.
- શહેરી વિસ્તારમાં પરિવહન અસરકારક બનાવવા હેતુથી સ્માર્ટ પાર્કીંગ એપ્લિકેશન, ઈન્ટલેજન્ટ ટ્રાફિક વ્યવસ્થા (ઓટોમેટિક સિગ્નલ સીસ્ટમ), પબ્લિક બાઈક શેરિંગ, કોમન મોબિલિટી કાર્ડ જેવા કામો હાથ ધારેલ છે. કોમન મોબિલિટી કાર્ડ થકી એક જ કાર્ડના માધ્યમથી શહેરી પરિવહન, અન્ય મ્યુનિસિપલ સુવિધાઓનો માટેના ફી ના ચૂકવણા સરળ બનાવવામાં આવેલ છે.

મુખ્ય પેજ

- નગરજનોની સુરક્ષા હેતુ શહેરી વિસ્તારોમાં લગાવવામાં આવેલ CCTV કેમેરા, વાહનોના નંબર પ્લેટ ઓળખી શકે તેવા ANPR કેમેરા, ટ્રાફિક સિગ્નલનો ભંગ રોકવા માટે RLVD કેમેરા વિગેરેને ઈન્ટિગ્રેટેડ કમાન્ડ કંટ્રોલ સેન્ટર સાથે સંકલન કરવાના કામોનો સમાવેશ કરવામાં આવેલ છે.
- ઉર્જા– વ્યવસ્થાપન પરત્વે રીન્યુબલ ઉર્જા– સ્ત્રોત તથા ઉર્જા કાર્યક્ષમ તથા ગ્રીન બિલ્ડીંગસ્ ના કામો આવરી લેવામાં આવેલ છે.
- ઈ– ગવર્નન્સ તથા નાગરિક સુવિધા અંતર્ગત સિટી WI–FI, ઇ– લાઇબ્રેરી, સ્માર્ટ લાઇટ્સ, સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ જેવા કામોનો સમાવેશ કરેલ છે.

**ડબલ એન્જીન સરકાર:–**

વધતા જતાં શહેરીકરણ, ઉદ્યોગ ધંધા રોજગારમાં થઇ રહેલા વિકાસના લીધે નાગરીકોની સુખ, સુવિધાઓમાં વૃદ્ધિ કરવા માટે જરૂરી વિકાસ કાર્યો સ્થાનિક સ્વરાજની સંસ્થા એકલા હાથે પોતાની રીતે ન પહોચી વળે, આથી, સામાન્ય જનને તમામ પ્રકારની જરૂરીયાતો, સગવડો, સુખસુવિધાઓ ઝડપથી મળી રહે તે માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સહયોગથી આ પ્રકારના પ્રોજેક્ટ ઝડપથી પુરા કરવાનો સ્માર્ટ સીટીનો મુખ્ય હેતુ છે.

અગાઉ **ઓક્ટ્રોય ગ્રાન્ટ** માંથી થતાં વિકાસ કાર્યો પુરતા ન હતા.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ : ૭

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૧૯૮

## તા.૨૦/૦૨/૨૦૨૪

## શહેરી વિકાસ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી અમિત ચાવડા, આંકલાવ**

**પ્રશ્ન : સ્માર્ટ સીટી મિશન અંતર્ગત પસંદગી પામેલ રાજ્યના શહેરો.**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | સ્માર્ટ સીટી યોજનામાં મુખ્યત્વે કેવા પ્રકારના કામોનો સમાવેશ કરવામાં આવેલ છે? | શ્રી અમિતભાઈ ઠાકર, વેજલપુર |
| ૨ | સ્માર્ટ સીટી મિશન હેઠળના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા મુખ્યત્વે કેવા પ્રકારની કામગીરીનું મોનીટરીંગ કરવામાં આવે છે? | શ્રીમતી સંગીતાબેન પાટીલ, લિંબાયત |
| ૩ | સ્માર્ટ સીટી મીશન અંતર્ગત સ્માર્ટ સીટી મિશન ફંડ હેઠળ ગુજરાતમાં કુલ કેટલા કામો કેટલા કરોડના લેવામાં આવેલ છે? | ડૉ.દર્શિતા શાહ, રાજકોટ પશ્ચિમ |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ :– ૭**

**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:– ૧૫/૪/૨૧૯૮**

**શહેરી વિકાસ વિભાગ**

**તા.૨૦/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (શ્રી અમિતભાઈ ઠાકર, વેજલપુર)

- સ્માર્ટ સીટી યોજનામાં મુખ્યત્વે કેવા પ્રકારના કામોનો સમાવેશ કરવામાં આવેલ છે?

**જવાબ:**

- સ્માર્ટ સીટી યોજનામાં મુખ્યત્વે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર, ઇન્ટીગ્રેટર ટ્રાન્ઝીટ મેનેજમેન્ટ સીસ્ટમ, સી.સી.ટી.વી. સર્વેલન્સ સીસ્ટમ, પબ્લીક ટ્રાન્સપોર્ટ, સ્માર્ટ પાર્કીંગ એન્ડ ટ્રાફીક મોનીટરીંગ, ઇ ગવર્નન્સ તથા નાગરીક ફરીયાદ નિવારણ સુવિધા, રોબસ્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર, સ્માર્ટ લાઈટસ, આઈટી કનેક્ટીવીટી તથા ડીજીટલાઈઝેશન, પબ્લીક બાઈક શેરીંગ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટેની આધુનિક પધ્ધતિ, અફોર્ડેબલ હાઉસીંગ સ્લમ રીડેવલોપમેન્ટ, સ્માર્ટ મીટર દ્વારા પાણીનું વ્યવસ્થાપન, રીન્યુબલ ઉર્જા દ્વારા ઉર્જા વ્યવસ્થાપન, ગાર્ડન ડેવલોપમેન્ટ  વગેરે જેવી સ્માર્ટ સુવિધાઓના વિવિધ કામોનો સમાવેશ કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૨ (શ્રીમતી સંગીતાબેન પાટીલ, લિંબાયત)

- સ્માર્ટ સીટી મિશન હેઠળના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા મુખ્યત્વે કેવા પ્રકારની કામગીરી કરવામાં આવે છે?

**જવાબ:**

- કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા મુખ્યત્વે સ્માર્ટ ફિચર્સ જેવા કે, CCTV કેમેરા, નંબર પ્લેટ ઓળખી શકે તેવા ANPR કેમેરા, ટ્રાફિક સિગ્નલનો ભંગ રોકવા માટે RLVD કેમેરા, ટ્રાન્ઝીટ મેનેજમેન્ટ સીસ્ટમ, વાહનોની સંખ્યા આધારિત ટ્રાફિક સિગ્નલનું સંચાલન, નાગરીક ફરીયાદ નિવારણ, સ્માર્ટ મીટર દ્વારા પાણીનું વ્યવસ્થાપન, વિવિધ જગ્યાએ હવાનું શુદ્ધતા માપવાના સેન્સરો, સીટી વાઈફાઈ સીસ્ટમની સુવિધા મારફતે શહેરની વિવિધ કામગીરીનું મોનીટરીંગ કરવામાં આવે છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૩ (ડૉ.દર્શિતા શાહ, રાજકોટ પશ્ચિમ)

- સ્માર્ટ સીટી મીશન અંતર્ગત સ્માર્ટ સીટી મિશન ફંડ હેઠળ ગુજરાતમાં કેટલી રકમના કુલ કેટલા કામો લેવામાં આવેલ છે?

**જવાબ:**

- સ્માર્ટ સીટી મીશન અંતર્ગત સ્માર્ટ સીટી મિશન ફંડ હેઠળ ગુજરાતમાં ૬(છ) શહેરોમાં કુલ રૂ.૫૬૫૮/- કરોડના કુલ ૨૨૦ કામો લેવામાં આવેલ છે.

મુખ્ય પેજ

# અગ્રતા ક્રમ : ૧૩

# પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૪૧૬

# તા.૨૦/૦૨/૨૦૨૪

# શહેરી વિકાસ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી :**
**શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા, જમાલપુર-ખાડીયા**

**પ્રશ્ન : અમદાવાદ અને સુરત શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મંજુર આવાસો.**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**અમદાવાદ અને સુરત શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મંજૂર આવાસો**

**15/4/1416 શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર–ખાડીયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કેઃ**

<table>
<tr><th colspan="2">પ્રશ્ન</th><th colspan="2">જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને સુરત શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી હેઠળ કેટલા આવાસો મંજુર કરવામાં આવ્યા,</td><td>(૧)</td><td>
<table>
<tr><td>શહેર</td><td>તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર થયેલ આવાસો.</td></tr>
<tr><td>અમદાવાદ</td><td>૪૮,૫૪૨</td></tr>
<tr><td>સુરત</td><td>૪૭,૮૪૭</td></tr>
<tr><td>કુલ</td><td>૯૬,૩૮૯</td></tr>
</table>
</td></tr>
<tr><td>(૨)</td><td>તે પૈકી કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે, અને</td><td>(૨)</td><td>
<table>
<tr><td>શહેર</td><td>તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાંધકામ પૂર્ણ થયેલ આવાસો.</td></tr>
<tr><td>અમદાવાદ</td><td>૪૪,૪૮૭</td></tr>
<tr><td>સુરત</td><td>૩૮,૩૧૭</td></tr>
<tr><td>કુલ</td><td>૮૨,૮૦૪</td></tr>
</table>
</td></tr>
<tr><td>(૩)</td><td>તે પાછળ કેટલો ખર્ચ થયો છે?</td><td>(૩)</td><td>
<table>
<tr><td>શહેર</td><td>ખર્ચ થયેલ રકમ (રૂ.કરોડમાં)</td></tr>
<tr><td>અમદાવાદ</td><td>૧૧૩૮.૪૯</td></tr>
<tr><td>સુરત</td><td>૯૮૪.૮૧</td></tr>
<tr><td>કુલ</td><td>૨૧૨૩.૩૦</td></tr>
</table>
</td></tr>
</table>

**મુખ્ય પેજ**

# પુરક નોંધ

**પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી )**

- ✓ સૌને માટે આવાસ મળી રહે તે હેતુને ધ્યાનમાં રાખી કેન્દ્ર સરકારશ્રી દ્વારા **પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) વર્ષ ૨૦૧૫ માં શરૂ** કરવામાં આવી.
- ✓ પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) જાહેર કરતા રાજ્ય સરકારની મુખ્ય મંત્રી ગૃહ યોજનાને સંકલિત કરી ગુજરાત રાજ્યમા ગુજરાત રાજ્યમાં શહેરી વિસ્તારમાં મહાનગરપાલિકા, નગરપાલિકા તેમજ શહેરી વિકાસ/વિસ્તાર સત્તામંડળ વિસ્તારમાં આ મુજબના વિકલ્પો સાથે યોજના અમલી કરવામાં આવેલ છે.

## ઘટક–૧ :– એફોર્ડેબલ હાઉસીંગ ઇન પાર્ટનરશીપ (AHP):

- ✓ **રાજ્ય સરકારશ્રી દ્વારા જમીન વિના મુલ્યે** પ્રોજેક્ટમા ફાળવવામા આવે છે. જેના પર સ્થાનિક સંસ્થા દ્વારા આવાસો બનાવી **રૂ.૩.૦૦ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા લાભાર્થીઓનો નજીવી કિમતે આપવામા** આવે છે.
- ✓ **આ આવાસોમા પાણી, ગટર, ઈન્ટરનલ રોડ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, લીફ્ટ, પાર્કીંગ, શકય હોય ત્યા ગેસ કનેક્શન, સોલાર પ્લાન્ટ વગેરે** જેવી માળખાકીય સુવિધાઓ સાથેના આવાસોમા પુરી પાડવામા આવે છે.
- ✓ **૩૦ ચો.મી. કાર્પેટ વિસ્તાર ધરાવતા EWS–૧ (૧ BHK)** પ્રકારના આવાસો **રૂ.૩.૦૦ લાખ** લાભાર્થી પાસેથી લઈ તથા
- ✓ **૩૧–૪૦ ચો.મી. કાર્પેટ વિસ્તાર ધરાવતા EWS–૨ (૧.૫ to ૨ BHK)** પ્રકારના આવાસો **રૂ.૫.૫૦ લાખ જેટલી નજીવી કિમત લાભાર્થી પાસેથી લઈ** આપવામા આવી રહેલ છે.
- ✓ સરકારશ્રી દ્વારા **રૂ.૩.૦૦ લાખ (કેન્દ્ર રૂ.૧.૫૦ લાખ+ રાજ્ય રૂ.૧.૫૦ લાખ) સહાય** આપવામા આવી રહેલ છે.

મુખ્ય પેજ

- ✓ લાભાર્થી ફાળાની રકમ માટે **૪૮ બેંકો સાથે MOU** સરકાર વતી ગુજરાત હાઉસીંગ બોર્ડ કરેલ છે જેથી લોન સરળતાથી ઉપલબ્ધ થઇ શકે.
- ✓ આ ઘટક અંતર્ગત ૧.૬૦ **લાખ આવાસ મંજુર કરાવેલ છે** જેમાથી ૧.૦૯ **લાખ જેટલા આવાસો પુર્ણ કરી લાભાર્થીઓને લાભ** આપવામા આવેલ છે.

## ઘટક–૨:– બેનીફીસીઅરી લેડ કન્સ્ટ્રક્શન (B L C ):

- ➢ રૂ. ૩.૦૦ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા **પોતાની માલિકીની જમીન અથવા કાચુ પાકુ મકાન ધરાવતા** હોય અને તેમને પોતાની રીતે બાંધકામ કરવુ હોય જે માટે બાંધકામ સહાય આ ઘટક હેઠળ ફાળવવામા આવે છે.
- ➢ સરકારશ્રી દ્વારા કુલ **રૂ. ૩.૫૦ લાખની સહાય (કેન્દ્ર રૂ. ૧.૫૦ લાખ+ રાજ્ય રૂ. ૨.૦૦ લાખ)** ફાળવવામા આવી રહેલ છે.
- ➢ ઉક્ત સહાય **ડી.બી.ટી. માધ્યમથી સીધેસીધી લાભાર્થીના ખાતામા** જમા કરાવવામા આવી રહી છે.
- ➢ આ ઘટક અંતર્ગત ૧.૫૭ **લાખ આવાસ મંજુર** કરાવેલ છે જેમાથી ૧.૦૬ **લાખ જેટલા આવાસો પુર્ણ કરી લાભાર્થીઓને લાભ** આપવામા આવેલ છે.

## ઘટક–3:– ક્રેડીટ લીંક્ડ સબસીડી સ્કીમ (C L S S ):

- ✓ આ ઘટક અંતર્ગત **પ્રથમ આવાસની ખરીદી પર લીધેલ લોન પર વ્યાજ સહાય** આપવામા આવી રહેલ છે.
- ✓ **રૂ. ૩.૦૦ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા EWS** કેટેગરીના કુટુંબો તેમજ રૂ**. ૬.૦૦ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા LIG** કેટેગરીના કુટુમ્બો જો શહેરી વિસ્તારમા અન્ય કોઈ ખાનગી વિકાસકાર પાસેથી પોતાનુ પ્રથમ આવાસ ખરીદ કરે તેવા કિસ્સામા પણ લીધેલ **લોન સરળતાથી ભરી શકે તે હેતુસર આ વિકલ્પ** આપવામા આવ્યો.

**મુખ્ય પેજ**

- જે અંતર્ગત લીધેલ લોન પર મહત્તમ **રૂ. ૨.૬૭ લાખની વ્યાજ સહાય** આપવામા આવી રહેલ છે.
- આ ઘટક  હેઠળ ૫.૯૬ **લાખ લાભાર્થી કુટુંબો વ્યાજ સહાયનો લાભ** આપવામા આવેલ છે.

## ઘટક–૪:– ઈન સીટુ સ્લમ રી–ડેવલોપમેન્ટ (I S S R):

- આ ઘટક હેઠળ વર્ષ ૨૦૧૦ પહેલા સ્લમમાં રહેતા પરિવારોને  આ ઘટક હેઠળ તે જ સ્થળે વિના મુલ્યે આવાસ ફાળવવામા આવી રહેલ છે.
- શહેરી વિસ્તારોમા સરકારી જમીન પર પ્રસ્થાપિત થયેલ સ્લમનુ તે જ સ્થળે **PPP** માધ્યમથી રી–ડેવલોપમેન્ટ કરવામા આવી રહેલ છે.
- ✓ આ આવાસોમા પાણી, ગટર, ઈન્ટરનલ રોડ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, લીફ્ટ, પાર્કીંગ, શકય હોય ત્યા ગેસ કનેક્શન, સોલાર પ્લાન્ટ વગેરે જેવી માળખાકીય સુવિધાઓ સાથેના આવાસોમા પુરી પાડવામા આવે છે.
- ✓ ૩૦ ચો.મી. કાર્પેટ વિસ્તાર ધરાવતા  બે રૂમ, રસોડુ, બાથરૂમ, શૌચાલય ધરાવતા આવાસો ( ૧ **BHK**) વિના મુલ્યે ઝૂપડાવાસીઓને તે જ સ્થળે પુરા પાડવામા આવી રહેલ છે.
- ✓ સ્લમ રી–ડેવલોપમેન્ટ **PPP** મોડથી કરવામા આવી રહેલ હોય જેમા ખાનગી વિકાસકારને **FSI** (ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ) અને **TDR** (ટ્રાન્સફરેબલ ડેવલોપમેન્ટ રાઈટસ) ના પ્રોત્સાહન આપવામા આવે છે જેથી રાજ્ય સરકાર પર રી–ડેવલોપમેન્ટનુ ભારણ ઓછુ રહે છે.
- આ ઘટક અંતર્ગત ૪૮ હજાર **આવાસ મંજુર** કરાવેલ છે જેમાથી ૧૭ **હજાર જેટલા આવાસો પુર્ણ કરી લાભાર્થીઓને લાભ** આપવામા આવેલ છે.

મુખ્ય પેજ

## **યોજના અન્વયે થયેલ કુલ પ્રગતિ:**

- ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૧૬ માં એકત્રિત કરેલ આવાસની અંદાજીત માંગ મુજબ કુલ ૭.૬૪ **લાખ આવાસોના લક્ષ્યાંક** રાખવામાં આવેલ. જે મુજબના **કુલ ૯.૬૧ લાખ આવાસો મંજુર** કરવામાં આવેલ છે. મંજુર આવાસો પૈકી **૮.૨૮ લાખ જેટલા આવાસો પુર્ણ** કરવામાં આવેલ છે.

## **યોજના અન્વયે થયેલ સિદ્દિઓ :**

- યોજનાના અમલીકરણમાં ગુજરાત રાજ્ય અગ્રેસર છે તથા યોજનાના **ક્રેડીટ લીંક સબસીડી ઘટક** હેઠળ **૫.૯૬ લાખ કરતા પણ વધારે લાભાર્થીઓ**ને પ્રથમ આવાસ પર લીધેલ લોન પર વ્યાજ સહાયનો લાભ અપાવી અન્ય રાજયોની સરખામણીમાં અગ્ર સ્થાન પર છે.
- કેન્દ્ર સરકારશ્રી દ્વારા આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ એફોર્ડેબલ રેન્ટલ હાઉસીંગ કોમ્પ્લેક્સીસ યોજના હેઠળ શહેરી ગરીબો અને કામદારો સસ્તા ભાડાના આવાસો પુરા પાડવા વર્ષ ૨૦૨૦ માં જાહેરાત કરવામાં આવેલ. **એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્ષ (ARHCs) નીતિ** જાહેર થયાથી ત્રણ માસમાં જ સુરત શહેરના સુડા વિસ્તારના નિર્માણ પામેલ ૩૯૩ આવાસોને **મોડેલ–૦૧ અંતર્ગત** ભાડાના મકાનમાં રૂપાંતરિત કરી પ્રોજેક્ટની **મંજુરી મેળવનાર પ્રથમ રાજ્ય** બન્યુ છે.
- ગ્લોબલ હાઉસીંગ ટેકનોલોજી ચેલેન્જ **(GHTC)** અંતર્ગત **લાઈટ હાઉસ પ્રોજેક્ટ** અમલીકરણ કરવા કેન્દ્ર સરકારશ્રી દ્વારા ભારતભરમાંથી પસંદ કરવામાં આવેલ ૬ રાજ્યો પૈકી ગુજરાત રાજ્યની રાજકોટ શહેરની **૧,૧૪૪ આવાસો** ટનલ ફોર્મવર્ક દ્વારા **મોનોલિથિક કોંક્રીટ કન્સટ્રકશન ટેક્નોલોજી**ના ઉપયોગથી બનાવવામાં આવેલ છે. જેનું લોકાર્પણ માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ

- કેન્દ્ર સરકારશ્રી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) **એવોર્ડ ૨૦૧૯** અંતર્ગત ગુજરાત રાજયને સ્પેશિયલ કેટેગરીમાં ત્રણ એવોર્ડ તથા બી.એલ.સી. અંતર્ગત ત્રણ લાભાર્થીઓને બેસ્ટ હાઉસ કન્સ્ટ્રક્શન કેટેગરીમાં એમ **કુલ ૬ એવોર્ડ્સ** એનાયત કરવામાં આવેલ છે.
- કેન્દ્ર સરકારશ્રી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) **એવોર્ડ ૨૦૨૧** અંતર્ગત ગુજરાત રાજયને **કુલ ૭ એવોર્ડ્સ** આપવામા આવેલ છે.
- ગુજરાત રાજ્યના તમામ શહેરોના લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ના ઓછામાં ઓછા એક ઘટકનો લાભ આપવામાં આવેલ છે.
- યોજનાના "સૌને માટે આવાસ" ના હેતુ મુજબ રાજ્ય સરકાર શહેરી વિસ્તારના તમામ પાત્ર લાભાર્થીઓને પાકાં આવાસો પ્રદાન કરવાની દિશામાં ઝડપથી આગળ વધી રહી છે.

**મુખ્ય પેજ**

## છેલ્લા બે વર્ષ (વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩)મા અમદાવાદ અને સુરત શહેરના ઘટકવાર મંજુર અને પુર્ણ આવાસો

| શહેર | ઘટક | મંજુર આવાસો | પુર્ણ થયેલ આવાસો | પુર્ણ આવાસો માટે ફાળવેલ સહાય ખર્ચ (રૂ. કરોડમા) |
|---|---|---|---|---|
| અમદાવાદ | BLC | ૪,૨૩૬ | ૧૮૧ | ૬.૩૩ |
| | CLSS | ૪૪,૩૦૬ | ૪૪,૩૦૬ | ૧૧૩૨.૧૬ |
| **કુલ અમદાવાદ** | | **૪૮,૫૪૨** | **૪૪,૪૮૭** | **૧૧૩૮.૪૯** |
| સુરત | BLC | ૧૧,૫૨૦ | ૧,૯૯૦ | ૬૯.૬૫ |
| | CLSS | ૩૬,૩૨૭ | ૩૬,૩૨૭ | ૯૧૫.૧૬ |
| **કુલ સુરત** | | **૪૭,૮૪૭** | **૩૮,૩૧૭** | **૯૮૪.૮૧** |
| **કુલ સરવાળો** | | **૯૬,૩૮૯** | **૮૨,૮૦૪** | **૨૧૨૩.૩૦** |

## અત્યાર સુધીમાં અમદાવાદ અને સુરત શહેરના ઘટકવાર કુલ મંજુર અને પુર્ણ આવાસો

| શહેર | ઘટક | મંજુર આવાસો | પુર્ણ થયેલ આવાસો |
|---|---|---|---|
| અમદાવાદ | AHP | ૪૪,૬૧૨ | ૧૯,૫૧૫ |
| | BLC | ૧૬,૨૧૦ | ૮,૭૧૨ |
| | CLSS | ૧,૩૮,૫૫૭ | ૧,૩૮,૫૫૭ |
| | ISSR | ૨૩,૭૦૪ | ૬,૦૮૧ |
| | RAY | ૧૧,૦૯૦ | ૧૦,૬૧૮ |
| કુલ અમદાવાદ | | ૨,૩૪,૧૭૩ | ૧,૮૩,૪૮૩ |
| સુરત | AHP | ૪૩,૧૬૧ | ૩૬,૭૯૩ |
| | BLC | ૧૮,૦૯૪ | ૭,૫૫૪ |
| | CLSS | ૧,૧૪,૯૩૨ | ૧,૧૪,૯૩૨ |
| | ISSR | ૪,૩૫૦ | ૦ |
| | RAY | ૮૪૮ | ૮૪૮ |
| કુલ સુરત | | ૧,૮૧,૩૮૫ | ૧,૬૦,૧૨૭ |
| કુલ સરવાળો | | ૪,૧૫,૫૫૮ | ૩,૪૩,૬૧૦ |

મુખ્ય પેજ

## રાજ્યની પરિસ્થિતી:-

**પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ઘટકવાર ગુજરાત રાજ્યમાં કુલ મંજુર અને પુર્ણ આવાસો અને થયેલ ખર્ચની વિગતો.**

| ઘટક | મંજુર આવાસો | પુર્ણ થયેલ આવાસો | ફાળવેલ સહાય ખર્ચ (રૂ. કરોડમા) |
|---|---|---|---|
| AHP | ૧,૫૯,૩૭૫ | ૧,૦૮,૮૯૩ | ૩,૦૧૩.૦૦ |
| BLC | ૧,૫૬,૯૭૮ | ૧,૦૫,૯૪૭ | ૪,૧૮૯.૦૦ |
| CLSS | ૫,૯૬,૬૩૯ | ૫,૯૬,૬૩૯ | ૧૪,૪૫૩.૦૦ |
| ISSR | ૪૮,૫૨૦ | ૧૭,૧૩૬ | ૦૦.૦૦ |
| કુલ | ૯,૬૧,૫૧૨ | ૮,૨૮,૬૧૫ | ૨૧,૬૫૫.૦૦ |

**ગુજરાતમાં કુલ મંજૂર આવાસો પૈકી મહાનગરોમાં મંજુર અને પુર્ણ થયેલ આવાસો.**

| શહેર | મંજુર આવાસો | પુર્ણ આવાસો |
|---|---|---|
| અમદાવાદ | ૨,૩૪,૧૭૩ | ૧,૮૩,૪૮૩ |
| સુરત | ૧,૮૧,૩૮૫ | ૧,૬૦,૧૨૭ |
| વડોદરા | ૮૨,૨૨૫ | ૬૯,૦૪૭ |
| રાજકોટ | ૭૪,૯૯૭ | ૭૨,૦૨૩ |
| જામનગર | ૨૪,૮૨૮ | ૨૩,૭૯૭ |
| ગાંધીનગર | ૨૨,૪૪૭ | ૧૮,૦૩૦ |
| ભાવનગર | ૨૧,૭૪૪ | ૧૬,૦૧૨ |
| જુનાગઢ | ૧૦,૩૧૦ | ૧૦,૨૦૦ |
| **કુલ** | **૬,૫૨,૧૦૯** | **૫,૫૨,૭૧૯** |

મુખ્ય પેજ

## ગુજરાતની નગરપાલિકાઓમા ઝોનવાર કુલ મંજુર અને પુર્ણ થયેલ આવાસો.

| ઝોનલ | મંજુર આવાસો | પુર્ણ આવાસો |
|---|---|---|
| ગાંધીનગર | ૭૩૩૪૦ | ૬૩૩૬૦ |
| સુરત | ૭૧૦૧૦ | ૬૭૯૦૬ |
| રાજકોટ | ૬૧૨૦૧ | ૫૬૯૯૩ |
| અમદાવાદ | ૪૪૩૮૮ | ૩૮૪૧૭ |
| વડોદરા | ૩૬૪૦૭ | ૩૨૦૫૯ |
| ભાવનગર | ૨૩૦૫૭ | ૧૭૧૬૧ |
| કુલ | ૩૦૯૪૦૩ | ૨૭૫૮૯૬ |

મુખ્ય પેજ

# અગ્રતા ક્રમ : ૧૩

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૪૧૬

## તા.૨૦/૦૨/૨૦૨૪

## શહેરી વિકાસ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા, જમાલપુર–ખાડીયા**

**પ્રશ્ન : અમદાવાદ અને સુરત શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મંજુર આવાસો.**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ક્યા ક્યા ઘટકો અમલીકૃત કરવામા આવ્યા છે અને તે અંતર્ગત કેટલી સહાય કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી દ્વારા આપવામા આવી રહેલ છે? | શ્રી અમિતભાઈ ઠાકર, વેજલપુર |
| ૨ | અમદાવાદ અને સુરત શહેરના ઘટકવાર કુલ મંજુર અને પુર્ણ આવાસોની વિગતો જણાવશો. | શ્રી અમુલભાઈ ભટ્ટ, મણીનગર |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ :– ૧૩**

**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:– ૧૫/૪/૧૪૧૬**

**શહેરી વિકાસ વિભાગ**

**તા.૨૦/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (શ્રી અમિતભાઈ ઠાકર, વેજલપુર)

- પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ક્યા ક્યા ઘટકો અમલીકૃત કરવામા આવ્યા છે અને તે અંતર્ગત કેટલી સહાય કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી દ્વારા આપવામા આવી રહેલ છે?

**જવાબ:**

- લાભાર્થીઓને આવાસોના વિકલ્પ મળી રહે તે હેતુસર પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત...

૧. એફોર્ડેબલ હાઉસીંગ ઇન પાર્ટનરશીપ (AHP)
૨. બેનીફીસીઅરી લેડ કન્સ્ટ્રક્શન (BLC)
૩. ક્રેડીટ લીંક્ડ સબસીડી સ્કીમ (CLSS)
૪. ઇન સીટુ સ્લમ રી–ડેવલોપમેન્ટ (ISSR)

મુખ્ય પેજ

**એમ, કુલ ૪  ઘટકો અમલીકુત કરવામાં આવેલ છે. જેની વિગતો જોઇએ તો...**

## ૧. એફોર્ડેબલ હાઉસીંગ ઇન પાર્ટનરશીપ (AHP) અંતર્ગત:

- કેન્દ્ર સરકારશ્રી દ્વારા રૂ.૧.૫૦ લાખ અને રાજ્ય સરકારશ્રી દ્વારા રૂ.૦૧.૫૦ લાખ એમ મળી કુલ રૂ.૦૩.૦૦ લાખની સહાય પ્રતિ આવાસ આપવામા આવી રહેલ છે.

## ૨. બેનીફીસીઅરી લેડ કન્સ્ટ્રક્શન (BLC) અંતર્ગત

- કેન્દ્ર સરકારશ્રી દ્વારા રૂ.૧.૫૦ લાખ અને રાજ્ય સરકારશ્રી દ્વારા રૂ.૦૨.૦૦ લાખ એમ મળી કુલ રૂ.૦૩.૫૦ લાખની સહાય પ્રતિ આવાસ આપવામા આવી રહેલ છે.

## ૩. ક્રેડીટ લીંક્ડ સબસીડી સ્કીમ (CLSS) અંતર્ગત

- કેન્દ્ર સરકારશ્રી દ્વારા લાભાર્થી દ્વારા પ્રથમ આવાસની ખરીદ પર લીધેલ લોન પર મહત્તમ રૂ.૨.૬૭ લાખની વ્યાજ સહાય આપવામા આવી રહેલ છે.

## ૪. ઇન સીટુ સ્લમ રી–ડેવલોપમેન્ટ (ISSR) અંતર્ગત

- કેન્દ્ર સરકારશ્રી દ્વારા રૂ.૧.૦૦ લાખ અને રાજ્ય સરકારશ્રી દ્વારા રૂ.૦૧.૦૦ લાખ એમ મળી કુલ રૂ.૦૨.૦૦ લાખની સહાય પ્રતિ આવાસ આપવાની જોગવાઇ કરવામા આવેલ છે.

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન ૨ (શ્રી અમુલભાઈ ભટ્ટ, મણીનગર)

➢ અમદાવાદ અને સુરત શહેરના ઘટકવાર કુલ મંજુર અને પુર્ણ આવાસોની વિગતો જણાવશો.

**જવાબ:**

➢ **અમદાવાદ અને સુરત શહેરના ઘટકવાર કુલ મંજુર અને પુર્ણ આવાસોની વિગતો જોઈએ તો...**

| શહેર | ઘટક | મંજુર આવાસો | પુર્ણ થયેલ આવાસો |
|---|---|---|---|
| અમદાવાદ | AHP | ૪૪,૬૧૨ | ૧૯,૫૧૫ |
| | BLC | ૧૬,૨૧૦ | ૮,૭૧૨ |
| | CLSS | ૧,૩૮,૫૫૭ | ૧,૩૮,૫૫૭ |
| | ISSR | ૨૩,૭૦૪ | ૬,૦૮૧ |
| | RAY | ૧૧,૦૯૦ | ૧૦,૬૧૮ |
| **કુલ અમદાવાદ** | | **૨,૩૪,૧૭૩** | **૧,૮૩,૪૮૩** |

| શહેર | ઘટક | મંજુર આવાસો | પુર્ણ થયેલ આવાસો |
|---|---|---|---|
| સુરત | AHP | ૪૩,૧૬૧ | ૩૬,૭૯૩ |
| | BLC | ૧૮,૦૯૪ | ૭,૫૫૪ |
| | CLSS | ૧,૧૪,૯૩૨ | ૧,૧૪,૯૩૨ |
| | ISSR | ૪,૩૫૦ | ૦ |
| | RAY | ૮૪૮ | ૮૪૮ |
| **કુલ સુરત** | | **૧,૮૧,૩૮૫** | **૧,૬૦,૧૨૭** |
| **કુલ સરવાળો** | | **૪,૧૫,૫૫૮** | **૩,૪૩,૬૧૦** |

મુખ્ય પેજ

# અગ્રતા ક્રમ : ૧૪

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૩૫૮

## તા.૨૦/૦૨/૨૦૨૪

## શહેરી વિકાસ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી :**
**શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા,**
**અબડાસા**

**પ્રશ્ન : કચ્છ જિલ્લાની નખત્રાણા નગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ.**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**કચ્છ જિલ્લાની નખત્રાણા નગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

**15/4/1358 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા): માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:**

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાની નખત્રાણા નગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલી ગ્રાંટ ચૂકવવામાં આવેલ છે, અને | **(૧)** | શૂન્ય |
| **(૨)** | તે પરત્વે કેટલા કામો મંજુર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે? | **(૨)** | શૂન્ય |

મુખ્ય પેજ

# પુરક નોંધ

- શહેરી વિકાસ શહેરી ગૃહ નિર્માણ વિભાગના **તા.૨૧/૦૯/૨૦૨૨** ના જાહેરનામાં ક્રમાંક: KV/133 of 2022 NPL/452019/MLA-25/M થી નખત્રાણા નગરપાલિકા અસ્તિત્વમાં આવેલ છે.
- જેથી માન. ધારાસભ્યશ્રીના પ્રશ્ન મુજબ સને ૨૦૨૧–૨૨ માં ગ્રાન્ટ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તથા સને ૨૦૨૨–૨૩ માં ગ્રાન્ટ માટે ઉક્ત નખત્રાણા નગરપાલિકા જે તે નાણાકીય વર્ષ માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આંતરમાળાખાકીય સુવિધાઓ માટે ગ્રાન્ટની ફાળવણી નક્કી થયા બાદ અસ્તિત્વમાં આવેલ હોઈ કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.
- પરંતુ વર્ષ ૨૦૨૩ – ૨૪ માં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે.

# નખત્રાણાને નગરપાલિકા થયા બાદ ચુકવેલ ગ્રાન્ટ વિગત...

| યોજનાનું નામ | તારીખ | ચુકવેલ રકમ | કુલ |
|---|---|---|---|
| સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના | ૦૬.૦૭.૨૩ | ૧,૨૫,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦,૦૦૦ |
| | ૧૬.૦૯.૨૩ | ૫૫,૦૦,૦૦૦ | |
| | ૦૧.૦૧.૨૪ | ૨૦,૦૦,૦૦૦ | |
| ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટ | ૨૮.૦૪.૨૩ | ૬,૧૪,૪૩૦ | ૨૨,૫૨,૯૧૦ |
| | ૧૦.૦૭.૨૩ | ૬,૧૪,૪૩૦ | |
| | ૨૯.૦૯.૨૩ | ૬,૧૪,૪૩૦ | |
| | ૦૫.૦૧.૨૪ | ૪,૦૯,૬૨૦ | |
| ૧૫ મું નાણા પંચ | ૧૨.૦૪.૨૩ | ૩૨,૦૪,૮૩૯ | ૫૩,૪૨,૩૯૨ |
| | ૦૨.૦૫.૨૩ | ૨૧,૩૭,૫૫૩ | |
| જમીન મહેસુલ | ૦૬.૦૯.૨૩ | ૧,૦૨,૧૧૫ | ૨,૦૪,૨૩૦ |
| | ૦૯.૦૨.૨૪ | ૧,૦૨,૧૧૫ | |
| કુલ | | ૨,૭૭,૯૯,૫૩૨ | ૨,૭૭,૯૯,૫૩૨ |

મુખ્ય પેજ

# સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની માહિતી

રાજયની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૦૯ થી અમલમાં મુકવામાં આવેલ છે.

## આ યોજના અંતર્ગત મુખ્યત્વે,

પાણીપુરવઠાના, ભુગર્ભ ગટરના કામો, આંતરમાળખાકીય વિકાસના કામો જેવા કે (રસ્તા, ટ્રાફીક વ્યવસ્થા, ફ્લાય ઓવરબ્રીજ, આંગણવાડી વગેરે), આગવી ઓળખના કામો જેવા કે (પાર્કસ/ ગાર્ડન, સ્વીમીંગ પુલ, ટાઉનહોલ, હેરીટેઝના કામો, તળાવનો વિકાસ, રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ વગેરે), ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારી દ્વારા આંતરીક રસ્તા, વોટર સપ્લાય પાઈપલાઈન, સ્ટ્રીટલાઈટ વગેરે જેવાં કામો, નગર સેવા સદનના મકાન બાંધકામ/રીનોવેશનના કામો આવરી લેવામાં આવેલ છે.

મહાનગરપાલિકાઓમાં સીવેર કલેકટીંગ સીસ્ટમ તથા આનુસાંગિક કામો મહદઅંશે પૂર્ણ થયેલ છે. તથા ગંદા પાણીના શુધ્ધિકરણ માટે S T P ના કામો હાથ ધરવામાં આવેલ છે. ઉપરાંત રાજ્યના શહેરી વિસ્તારોમાં દૈનિક ધોરણે શુદ્ધ ગુણવત્તાયુક્ત પીવાનું પાણી મળી રહે તે માટે નલ સે જલ હેઠળ પણ કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે.

મુખ્ય પેજ

• જનભાગીદારીની ઘટક આ યોજના હેઠળ ખુબજ લોકપ્રીય બનેલ છે. આ યોજના હેઠળ આંતરીક રસ્તા, પાણીની પાઇપ લાઇન, સ્ટ્રીટ લાઇટ અને ગટરના કામો લઈ શકાય છે. કુલ અંદાજીત ખર્ચ પૈકી ૭૦ ટકા રકમ રાજય સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ છે. ૨૦ ટકા સોસાયટી ફાળો તથા ૧૦ ટકા સ્થાનિક સંસ્થાનો ફાળો છે.

• આગવી ઓળખ ઘટક હેઠળ શહેરમાં આગવી ઓળખ ઉભી કરી શકે તેવા, મહત્વના લોકોપયોગી, તેમજ તાકીદે હાથ ધરવાપાત્ર હોય તેવા કામોની દરખાસ્ત કરી શકાશે. પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) ના ધોરણે થતા કામોનો પણ સમાવેશ થઇ શકશે. જેમાં નીચે મુજબના કામો હાથ ધરી શકાશેઃ–

➢ હેરીટેજ અને પ્રવાસન, પ્રદર્શન હોલ,
➢ પંચશક્તિ થીમ આધારિત ટ્રાફીક સર્કલ આઈલેન્ડઝ
➢ વોટર બૉડી લૅન્ડ સ્ટેપીંગ, રીવરફ્રન્ટ
➢ પાર્ક, ગાર્ડન અને એમ્યુઝમેન્ટ પાર્ટી સ્વીમીંગ પૂલ, યોગ કેન્દ્રો, નોલેજ સેન્ટર્સ.
➢ સાયન્સ સેન્ટર, મ્યુઝીયમ, એમ્પી થીયેટર,
➢ પ્લેનેટોરીયમ, રાષ્ટ્રીય સ્મારક, આધુનિક ટાઉન હોલ,
➢ પ્રાણી સંગ્રહાલય અને બોટનિકલ ગાર્ડન અને બાલવાટિકા.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ : ૧૪

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૩૫૮

## તા.૨૦/૦૨/૨૦૨૪

## શહેરી વિકાસ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા, અબડાસા**

**પ્રશ્ન : કચ્છ જિલ્લાની નખત્રાણા નગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ.**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ કેટલા ઘટકો નિયત થયેલ છે અને તેમજ તેમાં કયા કયા કામો લઈ શકે છે? | શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા, અબડાસા |
| ૨ | શહેરી વિકાસ વિભાગ દ્વારા સને ૨૦૨૩-૨૪ દરમિયાન નખત્રાણા નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ કેટલી ગ્રાન્ટ ચુકવેલ છે અને તે ઉપરાંત ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટ, ૧૫મું નાણાં પંચ અને જમીન મહેસૂલ અંતર્ગત કેટલી ગ્રાન્ટ ચુકવેલ છે | શ્રી અનિરૂદ્ધ ભાઈલાલ દવે, માંડવી |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ :– ૧૪**
**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:– ૧૫/૪/૧૩૫૮**
**શહેરી વિકાસ વિભાગ**
**તા.૨૦/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા, અબડાસા)

- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ કેટલા ઘટકો નિયત થયેલ છે અને તેમજ તેમાં કયા કયા કામો લઇ શકે છે?

**જવાબ:**

- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજયની સ્થાનિક સંસ્થાઓ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૮/૭/૨૦૧૩ના ઠરાવની જોગવાઇ હેઠળ નીચે જણાવેલ ચાર ઘટક હેઠળ કામો લઇ શકે છે.
  - ભૌતિક આંતરમાળખાકીય સુવિધાના કામો.
  - સામાજિક આંતરમાળખાકીય સુવિધાના કામો.
  - અર્બન મોબિલીટી શહેરી પરિવહનના કામો.
  - શહેરની આગવી ઓળખ ઉભી થાય તેવા કામો.

મુખ્ય પેજ

- ➢ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ નિયત થયેલ ચાર ઘટકો હેઠળ...

## ❖ **ભૌતિક આંતરમાળખાકીય સુવિધાઓ:-**

- ➢ રસ્તા અને ટ્રાફીક સર્કલના, પાણી પુરવઠા, ભૂગર્ભ ગટર વ્યવસ્થાપન, સ્ટ્રોમ વોટર ડ્રેનેજના કામો, જળસંચયના કામો તથા તળાવ બ્યુટીફીકેશનના કામો, સ્લમ વિસ્તારમાં પાયાની સુવિધાના કામો, ઇ – ગવર્નન્સ, શોપીંગ કોમ્પલેક્ષ, જાહેર ઉધાનોનું નિર્માણ અને જાળવણી, સામાજીક વનીકરણ વિગેરે, સ્મશાન ગૃહોના બાંધકામ, અગ્નિશમન ઉપકરણો તથા ફાયર સ્ટેશન સામાજીક આંતરમાળખાકીય સુવિધાઓ શાળાઓના મકાન (પ્રાથમિક શિક્ષણ), અર્બન હેલ્થ સેન્ટર, હોસ્પિટલ અને આંગણવાડી (નંદઘર), લાયબ્રેરી, સ્પોર્ટ કોમ્પલેક્ષ (સુવિધાઓ સહિત), સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ / લીકવીડવેસ્ટ મેનેમેન્ટ, વેન્ડર માર્કેટ / હોર્કસ ઝોન પાર્કીંગ સુવિધા સહિત, અધતન પ્રકારના આધુનિક સુવિધા ઘરાવતાં જાહેર પે એન્ડ યુઝ શૌચાલયો

## ❖ **અર્બન મોબીલીટી – શહેરી પરિવહન:-**

- ➢ શહેરી બસ સેવા અને ટ્રાફિક વ્યવસ્થા, રેલ્વે ઓવરબ્રીજ અને રેલ્વે અન્ડરબ્રીજ, રીંગ રોડ / રેડિયલ રોડ / ફલાય ઓવર બ્રીજ, અન્ડરપાસ વિગેરે.

મુખ્ય પેજ

## ❖ શહેરની આગવી ઓળખ ઉભી થાય તેવા કામોઃ

➢ હેરીટેજ અને પ્રવાસન, પ્રદર્શન હોલ, પંચશકિત થીમ આધારિત ટ્રાફીક સર્કલ આઇલેન્ડઝ, વોટર બોડી લેન્ડ સ્કેપીંગ રીવરફ્રન્ટ, પાર્ક, ગાર્ડન અને એમ્યુઝમેન્ટ પાર્ક, સ્વીમીંગ પુલ, યોગા કેન્દ્રો, નોલેજ સેન્ટર્સ, સાયન્સ સેન્ટર, મ્યુઝીયમ, એમ્પી થીયેટર, પ્લેનેટોરીયમ, રાષ્ટ્રીય સ્મારક, આધુનિક ટાઉન હોલ, પ્રાણી સંગ્રહાલય અને બોટનિકલ ગાર્ડન અને બાલાવાટિકા.

## પેટા પ્રશ્ન ૨ (શ્રી અનિરૂધ્ધ ભાઈલાલ દવે, માંડવી)

- શહેરી વિકાસ વિભાગ દ્વારા સને ૨૦૨૩–૨૪ દરમિયાન નખત્રાણા નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ કેટલી ગ્રાન્ટ ચુકવેલ છે અને તે ઉપરાંત ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટ, ૧૫મું નાણાં પંચ અને જમીન મહેસૂલ અંતર્ગત કેટલી ગ્રાન્ટ ચુકવેલ છે?

**જવાબ:**

- સને ૨૦૨૩–૨૪ દરમિયાન નખત્રાણા નગરપાલિકાને ફાળવેલ ગ્રાન્ટની વિગત જોઇએ તો...

| યોજનાનું નામ | કુલ |
|---|---|
| સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના | ૨,૦૦,૦૦,૦૦૦ |
| ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટ | ૨૨,૫૨,૯૧૦ |
| ૧૫ મું નાણા પંચ | ૫૩,૪૨,૩૯૨ |
| જમીન મહેસુલ | ૨,૦૪,૨૩૦ |
| કુલ:– | ૨,૭૭,૯૯,૫૩૨ |

મુખ્ય પેજ